# કુલસચિવશ્રીની કચેરી,
# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

---

**વંચાણે લીધા:** (૧) અત્રેની કચેરીનો તા.૧૭.૧૦.૨૦૧૫ના પરિપત્ર ક્રમાંક જા.નં.નકૃયુ/ રજી/ અ–૩–૩/ ૧૬૬૬૨–૭૨૧/ ૨૦૧૫.

(૨) અત્રેની કચેરીનો તા.૨૬.૧૦.૨૦૧૫નો પરિપત્ર ક્રમાંક જા.નં. નકૃયુ /રજી/અ.૩.૩/જી.પં./તા.પં./ સાચૂં–૧૫/ ૨૦૧૪૫–૯૪/ ૨૦૧૫.

**દિવાળીની રજાઓ જાહેર કરવા બાબત..**

## પરિપત્ર

ઉપરોકત વંચાણમાં લીધેલ ક્રમ – ૧ના પરિપત્રથી દિવાળીના તહેવારો નિમિત્તે તા.૨૮.૧૧.૨૦૧૫ને ચોથા શનિવાર તેમજ તા.૧૨.૧૨.૨૦૧૫ બીજા શનિવારની જાહેર રજાઓ ભરવાની શરતે અનુક્રમે તા. ૦૯.૧૧.૨૦૧૫ સોમવાર અને તા.૧૦.૧૧.૨૦૧૫ મંગળવારની રજાઓ જાહેર કરવામાં આવેલ છે.

સદર રજાઓ દરમ્યાન ફાર્મ / ડેરી / લેબોરેટરી તેમજ આવશ્યક સેવાઓની કામગીરીને કોઈ અસર ન પડે તે હેતુસર જે તે યુનિટ / કચેરી કક્ષાએથી આયોજન પૂર્વક કામની યોગ્ય વ્યવસ્થા જે તે કચેરીના વડાએ અંગત ધ્યાન આપી કરવાની રહેશે.

ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ – ૨ના પરિપત્રથી રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર ધ્વારા રાજયની – ૬ મહાનગર પાલિકાઓ, ૫૬ નગર પાલિકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૩૦ તાલુકા પંચાયતોની સામાન્ય / પેટા ચૂંટણી ૨૦૧૫ની જાહેરાત કરવામાં આવેલ હોવાથી સદર ચૂંટણી અંગેની આચાર સંહિતા–૨૦૧૫ જાહેર કરવામાં આવેલ હોવાથી સદર ચૂંટણી અંગેની આચાર સંહિતા તા. ૨૩.૧૦.૨૦૧૫ (જાહેરાતની તારીખ) થી તા.૦૨.૧૨.૨૦૧૫ (પરિણામની જાહેરાત) સુધી અમલી બનાવતાં, યુનિવર્સિટીમાં તેનો અમલ કરવાનો રહેતો હોઈ, આદર્શ આચાર સંહિતાના સમય દરમ્યાન જે અધિકારી / કર્મચારીશ્રીઓને ચૂંટણી અંગેની કામગીરી જીલ્લા ચૂંટણી અધિકારી તરફથી સોંપવામાં આવે તેનું સંપુર્ણ ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે તેમજ જે તે નિયત સમયે હાજર રહેવાનું હોવાથી ઉકત સમય દરમ્યાન મુખ્ય મથકેજ હાજર રહેવા તમામ અધિકારી / કર્મચારીશ્રીઓને જણાવવામાં આવે છે.

**આ પરિપત્રનો ચૂસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.**

આ પરિપત્ર આ શાખાની નોંધ ફાઈલ ઉપર મા. કુલપતિશ્રીની મંજૂરી મેળવી બહાર પાડવામાં આવે છે.

જા.નં.નકૃયુ/રજી/અ–૩–૩/દિ.રજા/ ૨૦૧૯૫–૨૪૪/૨૦૧૫.
નવસારી. તારીખ:૨૬/૧૦/૨૦૧૫.

ઈ/ચા.કુલસચિવ

**નકલ રવાના જાણ તેમજ ઘટતું થવા સારૂ:–**

(૧) આ યુનિવર્સિટીના તમામ યુનિટ/ સબ યુનિટના વડાશ્રીઓ તરફ.
(૨) આ વિભાગની તમામ શાખાઓ તરફ.

# કુલસચિવશ્રીની કચેરી,
# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

**દિવાળીની રજાઓ જાહેર કરવા બાબત..**

**—:: પરિપત્ર ::—**

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તાબા હેઠળની તમામ યુનિટ/ સબયુનિટની કચેરીના વડાશ્રીઓને જણાવવાનું કે, ગુજરાત સરકારશ્રીના સમાન્ય વહીવટી વિભાગ, સચિવાલય ગાંધીનગરના તા.૦૭.૧૦.૨૦૧૪ના જાહેરનામાં થી તા.૧૧,૧૨ અને ૧૩/૧૧/૨૦૧૫ના રોજ દિવાળીના તહેવારોની રજાઓ જાહેર કરેલ છે. કૃષિ યુનિવર્સિટીઓમાં અધિકારી / કર્મચારીશ્રીઓને વેકેશનની જોગવાઈ ન હોઈ જેના અનુસંધાને યુનિવર્સિટીના કર્મચારી / અધિકારીશ્રીઓ દિવાળીના તહેવારો આનંદ ઉલ્લાસથી ઉજવે અને વતનમાં જઈ શકે તેવા શુભ આશયથી દિવાળીના તહેવારો દરમ્યાન માન.કુલપતિશ્રી ધ્વારા અન્ય જાહેર રજા ભરવાની શરતે નીચેની વિગતે બે રજા જાહેર કરવામાં આવે છે.

| જાહેર કરવામાં આવતી રજાઓ | | | જાહેર કરેલ રજાઓના બદલામાં ભરવાની થતી રજાઓની તારીખો |
|---|---|---|---|
| તા.૦૯.૧૧.૨૦૧૫ | સોમવાર | ધનતેરશ | તા.૨૮.૧૧.૨૦૧૫નો ચોથો શનિવારની જાહેર રજા ભરવાની શરતે |
| તા.૧૦.૧૧.૨૦૧૫ | મંગળવાર | કાળી ચૌદશ | તા.૧૨.૧૨.૨૦૧૫નો બીજો શનિવારની જાહેર રજા ભરવાની શરતે |

દિવાળીની રજાઓના અનુસંધાને જો રાજ્ય સરકારશ્રી ધ્વારા ઉપરોક્ત બે દિવસો પૈકીની કોઈ એક દિવસની રજા જાહેર કરવામાં આવે તો તે મુજબનો અમલ કરવાનો રહેશે.

ઉપરોક્ત જાહેર રજાઓ દરમ્યાન ફાર્મ/ ડેરી / લેબોરેટરી તથા અગત્યની આવશ્યક સેવાઓની કામગીરીને કોઈ અસર ન પડે તે હેતુસર જે તે યુનિટ / કચેરી કક્ષાએથી આયોજન પૂર્વક કામની યોગ્ય વ્યવસ્થા જે તે કચેરી વડાએ અંગત ધ્યાન આપી કરવાની રહેશે. રજાના દિવસો દરમ્યાન કરવામાં આવેલ આયોજનની જાણ સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીને કરવાની રહેશે.

સદરહુ પરિપત્ર અત્રેની નોંધ ફાઈલ ઉપર મા. કુલપતિશ્રીની મંજૂરી મેળવી બહાર પાડવામાં આવે છે.

જા.નં.નકૃયુ/રજી/અ–૩–૩/૬૬૬૨-૭૨૧ /૨૦૧૫.
નવસારી. તારીખઃ ૧૭/૧૦/૨૦૧૫.

ઈ/ચા.કુલસચિવ

**નકલ સવિનય રવાનાઃ—**

(૧) નાયબ સચિવશ્રી (કૃષિ યુનિ.), કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) સેકશન અધિકારીશ્રી, (ક.૨) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૩) મા. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ/ જુનાગઢ/સરદાર કૃષિ નગર યુનિવર્સિટી તરફ જાણ થવા સારું.
(૪) કુલસચિવશ્રી, કૃષિ યુનિવર્સિટી આણંદ/ જુનાગઢ/સરદાર કૃષિ નગર યુનિવર્સિટી તરફ જાણ થવા સારું.
(૫) સહ પ્રાધ્યાપકશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, સેકટર–૧૦–એ, કૃષિ ભવન, ગાંધીનગર તરફ જાણ થવા સારું.
(૬) નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારીના તમામ યુનિટ/ સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારું.

**નકલ રવાનાઃ—**

સીક્યુરીટી ઓફીસરશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારું.

# કુલસચિવશ્રીની કચેરી,
# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

---

**મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગે આદર્શ આચાર સંહિતાના અમલ તેમજ અધિકારી / કર્મચારીઓની બદલી તેમજ રજા પર પ્રતિબંધ બાબત**

**વંચાણેઃ**–રાજય ચૂંટણી આયોગ, સચિવાલય, ગાંધીનગરના તા.૨૩.૧૦.૨૦૧૫ના પરિપત્ર ક્રમાંકઃ ઈએલસી– સી.ઓ.સી. –૩(૭)–૧૦૨૦૧૫–ક

## <u>પરિપત્ર</u>

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તાબા હેઠળની તમામ યુનિટ / સબયુનિટની કચેરીના વડાઓને પરિપત્રિત કરવામાં આવે છે કે, ઉકત વંચાણે લીધેલ પરિપત્રથી રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર ધ્વારા ગુજરાત રાજયની ૬ મહાનગર પાલિકાઓ, ૫૬ નગર પાલિકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૩૦ તાલુકા પંચાયતોની સામાન્ય / પેટા ચૂંટણી ૨૦૧૫ની જાહેરાત કરવામાં આવેલ છે જે આ સાથે સામેલ છે. સદર પરિપત્રમાં દર્શાવ્યા મુજબ તા. ૨૩.૧૦.૨૦૧૫ ( જાહેરાતની તારીખ) થી તા.૦૨.૧૨.૨૦૧૫ (પરિણામની જાહેરાત) સુધી આચારસંહિતા અમલી રહેશે.

સદર ચૂંટણી જાહેર થવાને કારણે સરકારશ્રીના જુદા–જુદા વિભાગ/ ખાતાઓ / કચેરીઓને પણ ચૂંટણી પ્રક્રિયાના સમગ્ર સમય દરમ્યાન મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગે આદર્શ આચાર સંહિતાના અમલ બાબતે ઉકત વંચાણે લીધેલ પરિપત્રમાં જણાવેલ બાબતોનો ચૂસ્તપણે અમલ કરવા જણાવેલ છે. જેથી અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટના અધિકારી / કર્મચારીશ્રીઓની આદર્શ આચાર સંહિતા લાગુ થયાની તારીખથી અને પુરી થાય ત્યાં સધી કોઈપણ પ્રકારની રજાઓ મંજુર કરવી નહી તેમજ તે દરમ્યાન મુખ્ય મથકેજ હાજર રહેવું

સદર પરિપત્રનો અમલ ચુસ્તપણે કરવાનો રહેશે.

**ઈ/ચા.કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી,**
**નવસારી**

**જા.નં.નકૃયુ/રજી/અ.ઉ.૩/જી. પં./ તા. પં./ સાચૂં–૧૫[illegible]/૨૦૧૫**
**તા. ૨૬/૧૦/૨૦૧૫**

<u>**નકલ રવાના જાણ તેમજ ઘટતું થવા સારૂઃ–**</u>

(૧) આ યુનિવર્સિટીના તમામ યુનિટ/ સબ યુનિટના વડાશ્રીઓ તરફ.
(૨) આ વિભાગની તમામ શાખાઓ તરફ.